**આકાશવાણી-ભુજ**

**સમાચાર વાચક:- આરતી ભટ્ટ**

**કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી**

**તારખ: ૦૪-૦૪-૨૦૨૪** **સમય:-સવારે ૬.૫૦ કલાકે**

---

## ચુંટણી અધિકારી પી.ભારતી

રાજ્યમાં લોકસભાની ચૂંટણી તથા વિધાનસભાની 05 બેઠકો પર પેટાચૂંટણી સંદર્ભે મુખ્ય  ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા આખરી તૈયારીઓ ચાલી રહી છે.

મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું કે,  રાજ્યભરમાં નિયુક્ત કરવામાં આવેલા પોલીંગ સ્ટાફના ફર્સ્ટ રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજ્યભરના તમામ પ્રિસાઈડીંગ ઑફિસર્સ અને પોલીંગ ઑફિસર્સની તાલીમ પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા-2024 તેમજ ત્યાર બાદ આવેલી અરજીઓ પૈકી 14 લાખથી વધુ ફોટો ઓળખકાર્ડ નું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## ચૂંટણીપંચ-સરહદો પર જાપ્તો

ચૂંટણીપંચે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિયામકોને આંતર રાજ્ય તેમજ આંતરરાષ્ટ્રીય સરહદો ઉપર ગેરકાયદેસર ધોરણે દારૂ, રોકડ નાણાં, માદક પદાર્થો, શસ્ત્રો અને મફતમાં વહેંચાતી ચીજો પર કડક નજર રાખવાનો આદેશ આપ્યો છે. .

ચૂંટણીપંચે 2024માં સામાન્ય ચૂંટણી મુક્ત અને શાંતિપૂર્ણ તેમજ ન્યાયી રીતે હાથ ધરવા માટે શક્ય તમામ પગલાં લેવાનો આદેશ આપ્યો છે.

ચૂંટણી પંચે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરવા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ વડાઓ સાથે બેઠક કરી હતી.

**(RNU અમદાવાદ)**

---

# ચુંટણીપંચ-સી.વીજીલ મોબાઈલ એપ

મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું છે  કે, ચૂંટણી પંચની ઓનલાઇન સી-વીજીલ મોબાઈલ ઍપ પર અત્યાર સુધી આદર્શ આચારસંહિતાના ભંગ અંગે કુલ 816 ફરિયાદો મળી છે. આ તમામ ફરિયાદોનો તાત્કાલિક ચુંટણીપંચની માર્ગદર્શિકા અનુસાર યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી ખાતે કાર્યરત કંટ્રોલરૂમના હેલ્પલાઇન નંબર પર 50 ફરિયાદો, ટપાલ અને ઇમેલ મારફતે મિડીયા સંબંધી 14 ફરિયાદો, રાજકીય પક્ષોને લગતી 3 ફરિયાદો, ચૂંટણીપંચ સંબંધિત 14 તથા અન્ય 229 મળી 260 ફરિયાદો મળી છે. જે તમામનો પણ ચૂંટણીપંચની માર્ગદર્શિકા અનુસાર યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે. તેમ મુખ્યચૂંટણી અધિકારીએ જણાવ્યું છે.

**(RNU અમદાવાદ)**

---

# ચુંટણી પંચ-ફલાઈંગ સ્કવોડ

ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી ખર્ચ પર નજર રાખવા માટે રાજ્યભરમાં કાર્યરત 756 ફ્લાઈંગ સ્કવોર્ડ્સ દ્વારા અત્યાર સુધીમાં 66 કરોડ 9 લાખ રૂપિયાની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત ચૂંટણીસંબંધિત કોઇપણ ફરિયાદના નિવારણ માટે રાજયમાં કંટ્રોલરૂમ પણ કાર્યરત કરવામાં આવ્યો છે.

**(RNU અમદાવાદ)**

---

## રાજ્ય લોકસભા ચુંટણી-દિવ્યાંગ,વરિષ્ઠ મતદાર

ગુજરાત લોકસભાની ચૂંટણીમાં દિવ્યાંગ અને વરિષ્ઠ મતદારો માટે ચૂંટણી પંચ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. દિવ્યાંગ મતદારો માટે દરેક જિલ્લામાં તાલીમબદ્ધ PwDs જિલ્લા નોડલ અધિકારીઓની અને મતદાન મથક ખાતે આવશ્યક સુવિધાઓની ચકાસણી માટે સાત આઈએએસ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. આ વિશે પત્રકાર પરિષદ સંબોધતા મુખ્ય ચૂંટણી અધિકારી પી ભારતીએ આ મુજબ જણાવ્યું.

**(RNU અમદાવાદ)**

---

## ક્રિકેટ

કોલકતા નાઈટ રાઇડર્સ ટીમે દિલ્હી કેપિટલને 106 રને પરાસ્ત કરી ચાલુ આઇ.પી.એલનો સહુથી મોટો વિજય મેળવ્યો હતો. વિશાખાપટનમ ખાતેની મેચમાં કોલકતાની ટીમે 7 વિકેટ ગુમાવી 272 રન કર્યા હતા. જવાબમાં દિલ્હીની ટીમ 166 રન કરી શકી હતી. કોલકતા ટીમે આઇ.પી.એલનો બીજો સહુથી મોટો સ્કોર કર્યો હતો. એ અગાઉ ગયા અઠવાડિયે સન રઈઝર હૈદરાબાદ ટીમે મુંબઈની ટીમ સામે સહુ થી મોટો 277 રનનો સ્કોર નોંધાવ્યો હતો.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## EVMની સોંપણી

આજથી આઠમી એપ્રિલ દરમિયાન રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ દ્વારા રાજકીય પક્ષોની હાજરીમાં EVM નું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવશે.

સાથે જ રેન્ડમાઇઝ્ડ EVM જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા તેઓના જિલ્લાના તમામ વિધાનસભા મતવિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીઓને સોંપવામાં આવશે. જ્યાં સંબંધિત મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા EVM નો વિધાનસભા મતવિભાગ કક્ષાના સ્ટ્રોંગરૂમમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોની હાજરીમાં નિયત પ્રોટોકોલ મુજબ સંગ્રહ કરવામાં આવશે

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## ચૈત્રી નવરાત્ર પ્રારંભ

કચ્છ કુળદેવી આઈ આશાપુરાના સ્થાનક માતાના મઢ ખાતે આગામી 9મી એપ્રિલ થી 18મી એપ્રિલ દરમિયાન ચૈત્રી નવરાત્રી મહોત્સવ યોજાશે. 8મી એપ્રિલ સોમવારના રાત્રે 8 વાગ્યે જાગીરના અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે ઘટ સ્થાપન કરવામાં આવશે. અને તારીખ 15 એપ્રિલના સાતમના રાત્રે હવન વિધિ થશે.

**(આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------------

## અદાણી હોસ્પિટલ-આંખ

જી.કે.જનરલ હોસ્પિટલના આંખ વિભાગના તબીબોએ 1લી એપ્રિલ થી 7મી એપ્રિલ સુધી ઉજવાતા રાષ્ટ્રીય અંધત્વ નિવારણ સપ્તાહ અંતર્ગત જણાવ્યુ હતું કે, આંખોની સુરક્ષા માટે નિયમિત ચેકઅપ કરાવાય તો ભવિષ્યમાં ઉભી થનારી સંભવિત સમસ્યાઓથી બચી શકાય છે.

**(આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------------